સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ગુંડા પણ દિસે નિર્દોષ એવાં ચાટલાં જુદાં છે?
કે આપે જજને સંતોષ એવાં માટલાં જુદાં છે?
આટલાં જુદાં છે શું પોટલાં પણ આ કાયદાનાં?
ઉપલી કેને નીચલી કોર્ટનાં કાટલાં જુદાં છે?
(ક્લીનચીટ કેન્દ્રો?!)

અવેરનેસ?!
ટ્રાફીક જાળવણી -
એટલે દંડ??
(- ગેરસમજ)

અવ્યવહારુ -
આશા, ઇચ્છા, અપેક્ષા,
સર્જે સમસ્યા..
(શ્રી શાહબુદ્દીન રાઠોડ)

હાઈકુ

ચિંતન

પિશુનત્વમેવ વિદ્યા પર દુષણ મેવ ભૂષણ યેષામ્ ।
પર દુખમેવ સૌખ્યં શિવ શિવ તે કેન વેધસા સૃષ્ટાઃ ॥

'કોઇની ટીકા-નિંદા કરવી, ચાડી ચૂગલી કરવી એ જ જેની જીવન વિદ્યા-કળા છે, અને અન્યોના દોષ જોવા એ જ જેનું ભૂષણ-આવડત છે, અને બીજાને દુઃખ-આઘાત-પીડા આપવાં એ જ જેનું સુખ છે - એવા દુષ્ટ-દુર્જનને કયા વિધાતાએ સર્જયો હશે?'

કેટલાંક લોકોના લોહીમાં જ અશ્રદ્ધા અવિશ્વાસના રક્તકણો ફરતાં હોય છે એમના જીવનમાં આનંદ-ઉમંગ-સહકાર જેવા શબ્દો જ નથી હોતા, કોઇ પણ વાત-પ્રસ્તાવ-એમના નકારાત્મક વલણથી શરૂ થાય-મૈત્રી-સંબંધ સ્નેહથી એ દૂર ભાગતાં હોય છે.

કોઇની પણ ટીકા કરવી ચાડી ચૂગલી કરવી એ જ એમનો આનંદનો પ્રિય વિષય છે પરિણામે પોતાના આનંદની ક્ષણો પણ એમાં જ વ્યતીત કરી વ્યથિત રહે છે અને બીજાને વ્યથિત કરે છે.

વિદ્યાતા આવાં લોકોનું સર્જન શા માટે કરતા હશે?!

સુવિચાર

- જે વ્યક્તિ જીવનનો આનંદ માણી શકતો હોય એ નિષ્ફળ છે એવું કહી ન શકાય - બર્નાડ શો
- બુદ્ધિ જરૂર સારી છે, પરંતુ દિમાગ પર દિલના હસ્તાક્ષર થવા જોઇએ - મોરારિ બાપુ
- પરમાત્મા સાથે વાત ભલે ન થઇ શકે.. પણ ગુરૂ સાથે તો સીધી વાત થઇ શકે - ઝેન કથન
- માણસ તરીકેનો જન્મ મળવો એ પહેલી ધન્યતા છે અને સદ્‌ગુરુ મળવા એ બીજી ધન્યતા છે - માર્કન્ડ મહારાજ
- જીંદગી મેં કુછ લોક 'સબબ' બન કર આતે હૈ.. ઔર કુછ લોક 'સબક' બન કે આતે હૈ.. - ફેસબુક
- મારી પાસે બે જ શક્તિ છે.. એ પ્રેમની શક્તિ અને બીજી વિચારની શક્તિ- વિનોબા ભાવે
- મોટા ભાગના માણસો વિના કારણ પોતાની જીંદગીને ઊંટમાં ફેરવી નાખે છે અને જાતજાતનો સામાન તેની પર લાદે છે - ગુણવંત શાહ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણને સમયના સદુપયોગનું ભાન જ નથી કલાકોના કલાક મેસેજ વાંચવામાં, વોટ્સઅપ જોવામાં વીડિયો ગેમ, કોમ્પ્યુટર ફિલ્મો જોવામાં (ઇન્ટરનેટ), ટીવી-છાપાં અને ઊંઘમાં બગાડીએ છીએ. સમયનો ઉપયોગ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં કે ભક્તિ-વાંચનમાં જ કરવો જોઇએ.

એક વખત વર્ધા આશ્રમમાં વિનોબાજી એ કોઇ આયોજનની માહિતી માટે પત્રકારોને બોલાવ્યા. પત્રકારો-આશ્રમ-પ્રવૃત્તિ અને વિનોબાજી વિશે પણ અલગ-અલગ પ્રશ્નો પૂછતા જ રહ્યા. વિનોબાજીએ બધાને સંતોષ કારક જવાબો પણ આપ્યા.

એક પત્રકારે નોંધ્યું હતું કે વિનોબાજી એક પ્રશ્નનો જવાબ આપ્યા પછી કંઇક હોઠ પટપટાવતા હતા અને મનમાં કંઇ બોલતા હતા. એટલે કે પત્રકારે પુછ્યું - બે પ્રશ્નો વચ્ચે જે થોડા સમય આપને મળતો હતો એમાં આપ કંઇ હોઠ પટપટાવી કંઇ બોલતા હતા. એ શું બોલતા હતા? જો આપને વાંધો ન હોય તો કહો...

વિનોબાજીએ સ્મિત સાથે કહ્યું - બે પ્રશ્ન વચ્ચે પાંચ-સાત સેકન્ડનો સમય મને મળી જતો હતો. હું મારા જીવનની એક પણ ક્ષણ વ્યર્થ ન જાય એમાં માનું છું તેથી એ સેકન્ડોમાં પણ 'ૐ શ્રી હરિ' નો મારો પ્રિય જાપ કરી લેતો હતો..

પત્રકારોએ સમયના સદુપયોગની જાગૃતિને મનોમન વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

નો એક્સક્યુઝ...!! કામ નહીં કરવાના 'કારણો'ના વિષયમાં બધાં જ ટોપર..!!

જે કારણો કદી બતાવતા નથી, તે ધ્યેય કદી ખોતા નથી
જે પ્રયત્નો પર જીવી જાણે છે, તે કિસ્મત પર રોતા નથી

'થ્રી ઇડિયટ'ના વાયરસનું પેલું વાક્ય ફરી કાને પડ્યું, અને એક જ વિચાર મનમાં આવે કે, કેટલી સાચી વાત કરી છે એ મહાશય... વિરુ સહસ્ત્રબુદ્ધે?

એ જે કહે છે તે તદ્દન સાચું છે.

'પપ્પા બિમાર હતા' તો ખાવા-પીવા-નહાવા-શ્વાસ લેવાનું છોડી દીધું હતું?

તો પછી 'હું ડિસ્ટર્બ હતો' એટલે ભણવાનું, પ્રોજેક્ટ સમયસર પુરો કરવાનું, એ બધી વાતો માટે કારણો કેમ બતાવે છે?

વાત તો સાચી છે. આજે આપણા બધાં પાસે કારણોની લાંબી લાઇન લાગેલી છે. આપણે સાવ એવુંય નથી કે ફિલિંગ્સને ડિલીટ મારી દેવાની અને દુનિયાના વ્યવહારો બાજુ મુકી પોતાના ધ્યેયને વળગી રહેવું... પણ યાર, કબુલ કરીલોને કે આપણે છે ને વિના કારણ અનેક કારણે આપીએ છીએ... ખાંડના એક દાણા પાછળ જેમ કિડીઓની લાંબી લાઇન હોય છે એમ જ આપણા એક કામ ન કરવા પાછળ કારણોની લાંબી લાઇન હોય છે!! ભયંકર એક્સક્યુઝ!!

અમુક થયું એટલે તમુક થયું, આ થયું એટલે પેલું થયું. ટ્રાફીક જામ હતો એટલે મોડું થયું. અલાર્મ વાગ્યો જ નહીં એટલે મોડો ઉઠ્યો. ગાડીમાં પંક્ચર થયું. ફોન એટલા આવ્યા ને, ટ્રાફિક પોલીસે ઊભો રાખ્યો. રેલ્વેક્રોસિંગ બંધ હતું... એવા એવાં કારણો આવે કે કહેવું પડે તું આવ્યો બહુ મોટો ઉપકાર કર્યો...

Hello ફ્રેન્ડસ!
–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

આમ તો હું ખીજાતી નથી. પણ આ વિદ્યાર્થીઓ છે ને ડિસિપ્લીનમાં રહેતાં જ નથી. આમને ભણવાની પડી નથી. મોબાઇલમાં ભરાયેલા રહે છે. મોડા આવે છે. હોમવર્ક તો ક્યારેય પુરું હોય જ નહીં. પરિક્ષામાં એક પાનામાં એક વાક્ય લખે ચે, ક્યાંથી માર્ક આપવા...? અનેક કારણો શિક્ષકો પાસે હાજર હોય છે...

હવે આ કિસ્સાને જરા ઉલટાવી એમની સામેનાના કારણો પણ સાંભળી લઇએ...

બહેન ભણાવતાં જ નથી આવડતું. અમારા વાળ સાથે લેવા દેવા છે કે ભણવા સાથે. પુસ્તક બહારનું જ્ઞાન જ નથી. અમે તો કંઇ નાના કિકલા છીએ તે હોમવર્ક કરીને આવીએ. અમારા માર્ક સાથે એમને શું લેવા દેવા... વિદ્યાર્થીઓ પણ કારણો સાથે હાજર... અરે ટીચર તમને જે કાંઇ કહે છે એ તમારા ભલા માટે જ ને? એમને તમારા ભવિષ્યની ચિંતા છે એટલે ટોકે છે. પુસ્તક બહારનું જ્ઞાન તમે ટીવી, ન્યૂઝપેપર અને લાઇબ્રેરી - ફોનમાંથી લઇ જ શકો છો ને? ભણો ને છાનામાના કારણો આપ્યાં વગર...

ખાલી કારણો જ - બહાનાં જ કર્યા કરવાના. અને જે ન આવડે એનો ઘડો એ કારણ આપનારાના માથે જ ફોડવાનો? 'કારણો લખો' એ વિષયમાં તો બધાંને સો માંથી સૌ માર્કસ પુરા જ મળે!! એક્સક્યુઝ આપવામાં માહિર છીએ.

હમણાં એક જણને ઘરે ગયા, બહેન બોલ્યા, 'હમણાં જ દૂધ પતી ગયું, 'હવા ચા કેવી રીતે બનાવું?' અરે, મારી બહેન ચા ન પીવરાવવી હોય તો કોઇ વાંધો નહીં પણ કારણ તો ન બતાવ. દૂધની કોથળી ગલીએ ગલીએ મળે છે. એક કપ બાજુમાંથી માંગી લવાય. ન મળે તો શરબત કે ઉકાળો ય પીવરાવાય, એમાં આટલાં કારણો બતાવાય? આ તો દૂધમાં પતાવ્યું બાકી એમેય કહે કે ખાંડ નથી, અને છેલ્લે ગેસનો બાટલો ખલાસ થઇ ગયો છે, એવું ય કારણ આપી શકે!!

ભણવા માટે, સારું કામ કરવા માટે, પ્રોજેક્ટ માટે, લખવા માટે, ક્રિએટીવ થવા માટે કારણો નહીં પ્રયત્નો જ કરવા પડે. બર્થ ડે પાર્ટીમાં જવા વાળ ધોઇ સુકવી, ટનાટન તૈયાર થઇ, બધાં આપણને જુવે અને આપણે પાર્ટીમાં છવાઇ જઇએ એ માટે કોઇ બહાનું કાઢીએ છીએ? ઘડિયાળ સામું જોઇએ છીએ? લાઇબ્રેરીમાં જવા પગ નથી વળતાં અને મોલમાં ડાન્સમાં પગ થીરકવા લાગે છે... કહેવાનો ભાવાર્થ એટલો જ કે મનગમતાં કામ માટે કોઇ કારણ નહીં પણ ફ્યુચરના ધ્યેય સિદ્ધ કરવા અનેક કારણો...

સફળ થવા, કંઇક કરવા બહાના કે કારણો નહીં આપવાના એ કાર્ય કરવા રસ્તા ગોતવાના...

'મને ઉચ્ચ શિક્ષણની તક ન મળી...' ફોર્ડ મોટર્સના માલિકને પણ આ તક નહોતી મળી. 'હું અત્યંત ગરીબ છું' પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પણ અત્યંત ગરીબીમાં ઉછરેલા છે. 'બાળપણમાં મારા પપ્પા મરી ગયા.' એ. આર. રહેમાનના પીતા બાળપણમાં મરી ગયેલાં. 'મેં મારી જિંદગી સાયકલ પર કાઢી છે.' નિરમાના માલિક કરસનભાઇ સાયકલ પર નિરમા પાવડર વેચતા હતા. 'મારે એક પગ નથી.' નૃત્યાંગના સુધા ચંદ્રનનો એક પગ નકલી છે. 'મને બાળપણથી બંદબુદ્ધિ કહેતા' થોમસ અલ્વા એડિસનને બાળપણમાં મંદબુદ્ધિનો કહેતા...

'હું એટલી વાર હાર્યો છું કે હવે હિંમત નથી રહી' અમેરિકાના રાષ્ટ્રપતિ બનતાં પહેલાં અબ્રાહ્મ લિંકન ૧૫ ચૂંટણી હાર્યા હતા. 'મારે નાનપણથી જ પરિવારની જવાબદારી ઉપાડવી પડી.' લતા મંગેશકરે પણ આ જવાબદારી ઉપાડી હતી. 'મારી હાઇટ બહુ ઓછી છે.' સચીન તેંડુલકરની હાઇટ પર ઓછી હતી. 'માકી એક સામાન્ય નોકરી છે એનાથી મારું શું થશે?' ધીરુભાઇ અંબાણી પણ એક નાનકડી કંપનીમાં નોકરી કરતાં હતા.

'મારી કંપનીએ દેવાળું કાઢ્યું છે.' કોકાકોલા કંપની બે વાર દેવાળું ફૂંકી ચૂકી હતી. 'મારી ઉંમર વધારે છે.' કેટુંકી ફ્રાય ચિકનના માલિકે ૬૦ વર્ષની ઉંમરે પહેલી વાર રેસ્ટોરન્ટ ખોલી હતી. 'મારી પાસે જોરદાર આઇડિયા છે પણ કોઇ સ્વીકારતું નથી.' ઝેરોક્ષ મશીનના આઇડિયાને કેટલીયે કંપનીએ ઠુકરાવ્યો હતો, આજે પરિણામ સામ છે. 'મારી પાસે પૈસા નથી.' ઇન્ફોસિસના પૂર્વ ચેરમેન નારાયણમૂર્તિ પાસે પૈસા નહોતા અને એમણે એમની પત્નીના દાગીના વેચ્યા હતા!!

તમે કહેશો આમનામાં જે પ્રતિભા હતી એ અમારામાં નથી. પણ એ પણ એટલું જ સાચું છે કે તમારામાં જે પ્રતિભા છે એ આમનામાં ન પણ હોય! પ્રયત્ન તો કરો, કારણો આપ્યા વગર, શક્ય છે તમે આમનાથી આગળ નીકળી જાવ. મતલબ સાફ છે, તમારે બહાના-કારણો બતાવવાં છે કે સફળતા મેળવવી છે? તમારા હાથમાં જ છે.

જે ફાવ્યું એ કર્યું. જે ન ફાવ્યું એ ન કર્યું. જે કર્યું તે કર્યું અને જે નથી કર્યું એ નહીં જ કરીએ જાવ. આવા ઉદ્ધત એટીટ્યુડ તમને તમારી પ્રગતીમાં આડો આવે છે. કારણોની આ લાંબી લુમ હવાઇ જાય તો કેવી મજા પડે? અરે એક દિવસ તમે ન ભણ્યા તો કંઇ નહીં, બિન્ધાસ્ત કહી દો અને કોલેજ બંક કરી ફ્રેન્ડની પાર્ટી એન્જોય કરી. કારણો તો ન બતાવો. અને પછી આવીને બગાડેલા સમયને સરભર કરતો અભ્યાસ કરો.

ઓફીસે મોડું થયું તો કારણો બતાવવાને બદલે કહો ને કે છાપું વાંચવામાં ધ્યાન ન રહ્યું. પણ સાંજે કલાક વધુ રોકાઇ કામ પતી જશે બોસ. ડોન્ટ વરી. વગર કીધે ફેસબુક પર રોજ અરધો કલાક ખપાવો છો ને? તો વગર કીધે ફ્યુચર પ્લાનિંગ માટે પણ લાગો ને? કોઇ કારણ આપ્યાં વગર. બાકી કારણો આપવામાં તો આપણે બધાં જ ટોપર જ છીએ ને?

ચૂંટલો :

પોતાની જવાબદારી જાતે જ લઇ લેવાની. કોઇ કારણો - બહાના બતાવવાના નહીં. કોઇ ઝંઝટ નહીં, કોઇ ખુલાસા નહીં. બધું બંધ. તમે પોતે જ રિલેક્સ ફિલ કરશો. નો એક્સક્યુઝ, પ્લીઝ.

ખુબ લાંબા સમય બાદ મને તેનો પત્ર મળ્યો હતો તેથી હું મારી ઉત્સુકતાને રોકી શકતી ન હતી, હું હસતાં હસતાં જિજ્ઞાસા સાથે ઝટપટ એ પત્રને ખોલવા લાગી, પત્રની પહેલી લીટી વાંચતા જ મારા હોશકોશ ઉડી ગયા

નવાં કલેવર
- નટવર હેડાઉ

જે મલી શકે તેવું નથી તેવા સુખની ઇચ્છા વ્યક્તિને કાયમ લલચાવતી રહે છે. જેથી તેને પ્રાપ્ત કરવાની લાલસા ઓછી થતી નથી. મને આજે પણ એ વાત પ્રતિત થાય છે કે તે કોઇ બીજાને ચાહતી હતી તેને લગ્ન મારી સાથે કરવા પડ્યા હતા. માયાના પત્રમાં લખાયેલા આ શબ્દ આજ પણ મારા મનોમસ્તિષ્કમાં જેમ ના તેમ અંકિત થયેલાં છે.

'સર, હું એમ ઇચ્છું છું કે માયાની જિંદગીનાં દર્પણમાં લોકોને પોતાનો ચહેરો દેખાય.'

'એને તું કઇ રીતે બતાવવા માંગે છે.'

સ્વભાવથી પુરૂષ હંમેશા સ્વરછંદ છે. તે સ્વચ્છંદ રીતે જીવવા માંગે છે. પરંતુ લગ્ન બાદ તે એક અતુટ બંધનમાં બંધાઇ જાય છે. તેથી જ એ સંસ્કારવશ પોતાના માતપિતાની લાગણીને માન આપી તેમની પસંદગીની કોઇ છોકરી સાથે લગ્ન કરી લે છે અને તેની જવાબદારીઓ નિભાવવા લાગે છે. પરંતુ જયારે તેને તેની પત્નીમાં એવા ગુણો જોવા મળતા નથી જેથી તેણે કલ્પના કરી હોય છે. ત્યારે તે સંબંધોને ભાવનાત્મક દૃષ્ટિકોણથી સ્વીકારવામાં અસમર્થ બની જાય છે.

'શું તમે મારી આ વાત સાથે સંમત છો?'

'હાં, હું તારી વાતો સાથે સંમત છું.'

આપણા સમાજમાં સ્ત્રી અને પુરૂષ બંને માટે અલગ માપદંડ છે. પુરૂષને પુરેપુરી સ્વતંત્રતા છે. જયારે સ્ત્રી સ્વતંત્ર હોવા છતાં આજીવન પરતંત્ર જ રહે છે. પુરૂષની સ્વતંત્રતાએ જયારથી સ્વચ્છંદતાનું રૂપ લઇ લીધું છે. ત્યારથી સમાજમાં વેશ્યાલયો ખુલવા લાગ્યા અને આજે હોટલોમાં મનગમતી કોલગર્લ્સ જમવા અને રહેવાની સગડવની જેમ કિંમત ચુકવતાં પીરસાઇ રહી છે.

'તું બોલતી જા હું સાંભણું છું.'

કોઇ છોકરી સ્વેચ્છાએ બહુજન ભોગ્યા બનવા માંગતી નથી, કે ન તો દેહ વ્યાપારને આજીવિકાનું સાધન બનાવતાં તેને કોઇ ખુશી મળે છે. પરિશ્રમ અને યોગ્યતાને આધારે જયારે આજીવિકાનું સાધન મેળવવામાં કે ધનોપાર્જનમાં અસમર્થ થઇ જાય છે અને લોહીનું પાણી કરીને પણ જયારે પોતાના આશ્રિતોની જરૂરિયાતો પુરી કરવામાં સફળ થતી નથી ત્યારે પોતાના આત્માના અવાજને રૂંધીને પતનને માર્ગે નીકળી પડે છે. જયાં આગળ વધવા માટે પુરૂષ સમાજ હંમેશા તેને પ્રેરિત કરતો રહ્યો છે તે માટે કયારેક તેને પ્રલોભન અપાય છે કે કયારેક પોતાની વાસનાનો શિકાર બનાવાય છે. તેના જ દુષ્પરિણામે સમાજમાં એઇડ્સરૂપી દાનવનો જન્મ થયો છે. જે આજે રક્તબીજની જેમ ઉત્પન્ન થઇ માનવ જાતિને વિનાશ તરફ દોરી રહ્યો છે.

ડૉ. રૉય કહ્યું 'આ જ આપણી ફિલ્મનો વિષય છે. એ બિંદુની આસપાસ આપણી ફિલ્મની કહાણી ફરતી રહે છે. કેમ કે એના માધ્યમથી આપણે 'એઇડ્સ નિવારણ'નો સંદેશ આકર્ષક રીતે સહજ લાગે એમ સામાન્ય લોકો સુધી પહોંચાડી શકીશું.

હું ડૉ. રાયને મારી પટકથા અને સંવાદ સંભળાવી રહી હતી. ત્યાં દરવાજાની જોરબેલ વાગી. મેં બારણું ખોલ્યું. સામે પોસ્ટમેન ઊભો હતો. તેની પાસેથી મારો પત્ર લઇ હું ફરીથી મારી જગ્યાએ આવીને બેસી ગઇ.

આમ તો હું પત્ર પછી પણ ખોલી શકત. પણ તેના પર મારું નામ અને સરનામું જેણે લખ્યું હતું તેને હું મારી જાત કરતાં પણ વધું ચાહતી હતી.

આજ ખુબ લાંબા સમય બાદ મને તેનો પત્ર મળ્યો હતો. તેથી હું મારી ઉત્સુકતાને રોકી શકતી ન હતી. હું હસતાં હસતાં જિજ્ઞાસા સાથે ઝટપટ એ પત્રને ખોલવા લાગી. પત્રની પહેલી લીટી વાંચતા જ મારા હોશકોશ ઉડી ગયા. મારો ચહેરો ફિક્કો પડી ગયેલો જોઇને ડો. રોય ગભરાઇને પુછ્યું 'શું થયું? કોનો પત્ર છે?'

મારી હાલત એવી નહોતી કે હું કંઇ કહું. તેથી મેં ચુપચાપ હાથ લંબાવી પત્ર તેમને આપી દીધો.

એ માયાનો પત્ર હતો. મારી આ એઇડ્સ નિવારણ અંગેની પટકથાની ઘણી વાતો મેં તેની જીવનની ઘટનાઓને આધારે લખી હતી.

માયા અને હું બંને એક જ કલાસમાં ભણતાં. હું જયારે અગિયારમાં ધોરણમાં દાખલ થઇ ત્યારે તેની સાથે મારી મિત્રતા થયેલી. દેખાવમાં એ ગંભીર અને અભિમાની લાગતી. પણ હતી તેનાથી બિલકુલ વિરૂદ્ધ તેની અનેક વિશેષતાઓને કારણે જ એ મારી આંખમાં વસી ગઇ હતી.

હું જેને ઓળખતી હોઉં તેવું કોઇ નહીં હોય જે તેને પ્રેમ કરતું ન હોય. તે શિક્ષક હોય કે સહાધ્યાયી, કૉલેજના કર્મચારી હોય કે પાડોશી, સૌની આંખોમાં તે વસી ગઇ હતી.

આમ તો એ બાળક જેવી પ્રેમાળ અને સરળ વાતો કરતી પરંતુ જયારે સ્પર્ધાના મંચ પર પોતાનું વકતવ્ય શરૂ કરે ત્યારે સૌના છક્કા છોડાવી દેતી. સભાગૃહમાં ઉપસ્થિત લોકો તેના તર્ક ને ચુપચાપ સાંભળતા જ રહી જતા. મેં ઘણી વખત અનેક પ્રતિસ્પર્ધીઓના આત્મવિશ્વાસને તેની સામે ડામાડોળ થતાં જોતો હતો.

'મંચ પર તારો અવાજ આટલો બુલંદ કઇ રીતે થઇ જાય છે.' એમ જયારે હું તેને પ્રશ્ન પુછતી તો એ મારી તરફ જોઇને ધીરેથી હસી પડતી. એક દિવસ જયારે મેં બહુ જીદ કરી તો તેણે કહ્યું, 'તું કોઇને કહી દઇશ નહીં ને?'

મેં કહ્યું 'ના હું કોઇને નહીં કહું.'

'પહેલાં વચન આપ' કહીને તેણે પોતાનો હાથ મારી તરફ લંબાવ્યો.

મેં મારી હથેલીમાં તેનો હાથ દબાવતાં કહ્યું, 'વચન, પાકું વચન આપું છું કોઇને નહીં કહું.'

મને એમ થતું હતું કે કોણ જાણે એવું તે શું રહસ્ય છે. ત્યાં એ ધીમેથી બોલી 'જયારે તારા મૌનનો અવાજ મારી ભીતર સમાઇ જાય છે ત્યારે ત્યારે મારો અવાજ બુલંધ થઇ જાય છે.'

એટલું કહીને ઝટ દઇ ઊભી થઇ એ ભાગી. હું તેની પાછળ પાછળ તેને મારવા દોડતી હતી. પણ તેને પકડવાનું મારી સામે આસાન નહોતું. પણ જયારે હું થાકવા લાગી તો તેણે જ આવીને મને પકડી લીધી. થાકીને લોથપોથ અમે બંને ત્યાં બેસી ગયા. એક બીજાને ભેટીને એમે બંને કયાંક સુધી હસતાં રહ્યાં. પછી એ મારા ખોળામાં માથું મુકી સુઇ ગયા. હું તેના માથામાં હાથ ફેરવતી રહી. ઘણીવાર સુધી અમે બંનેને દુનિયાની જાણે કે બેખબર એકબીજામાં ડુબતાં રહી વાતો કરતાં રહ્યાં.

મને તેની વાતો સાંભળવી બહુ ગમતી હતી અને તેને મારી ખામોશી. તે મને જવાળામુખી કહેતી.

એક દિવસ મેં તેને પુછ્યું, 'માયા, તું મને જવાળામુખી શું કામ કહે છે?'

(અનુસંધાન પાના નં. ૬ પર)

સંબંધમાં પોલિટિક્સ હોય? હોય પણ ખરું

ગુલમહોર
- દિનેશ દેસાઈ

જર્મન સરમુખત્યાર અને નાઝી સેનાના વડા એડોલ્ફ હિટલર (જન્મ-૧૮૮૯, નિધન-૧૯૪૫)એ એક વાર કહ્યું હતું કે પ્રેમના નામે સંબંધનું રાજકારણ ખતરનાક હોય છે. પ્રેમનો દંભ છેતરામણો હોઈ શકે છે. જેમાં પ્રેમથી દુશ્મન ઉપર સામેથી નહી, બલકે પીઠ પાછળથી ઘા કરી શકાતો હોય છે.

ભગવાન શ્રીકૃષ્ણએ તો શ્રીમદ્ ભગવત્ ગીતામાં અર્જુનને સંબોધીને કહ્યું છે કે સર્વધર્માન્ પરિત્યજયે, મામેકમ્ શરણમ્ ભજ: કોઈ પણ સંબંધમાં એકબીજાની નજીક જવામાં ડર કેમ લાગે છે? એનું કારણ કે માણસે ભરોસાની પાત્રતા ગુમાવી છે. સંબંધોમાં પોલિટિક્સ હોય? આ સવાલનો જવાબ છે કે હોય પણ ખરું.

એક કાકા-ભત્રીજાની વાત છે. ભત્રીજો ડોક્ટર છે. તેના કાકા નિવૃત્તકર્મી છે. કાકાને પોતાના માટે કાર લેવી હતી. આથી તેમણે ભત્રીજા ઉપર ભરોસો મૂકીને કઈ કંપનીની કાર અને કારનું કયું મોડલ ખરીદવું જોઈએ, તેની સલાહ લીધી. એટલું જ નહી, ભત્રીજાની સલાહ પ્રમાણે અમલ કરીને એ કાર ખરીદી. ડોક્ટર ભત્રીજાની પત્નીને નવાઈ લાગી. કારણ કે કાકાએ ખરીદેલા મોડલની કાર તો તેઓએ પોતાના ઘર માટે પણ ખરીદવાની ઈચ્છા હતી. પરંતુ પોતાના બજેટ કરતા બજેટ વધુ હોવાથી પોતે સ્મોલ કાર ખરીદી હતી અને કાકાને મોંઘીદાટ પ્રીમિયમ હેચ-બેક કાર ખરીદવા ભલામણ કરીને એ કાર લેવડાવી હતી. પત્નીએ આ અંગે પુછ્યું ત્યારે ડોક્ટર પતિએ જે કહ્યું એ સંબંધમાં રહેલા રાજકારણની વાત છે.

તેમણે કહ્યું કે - કાકા તો નિવૃત્ત જ છે. એમને આ કાર લઈને કશેય જવાનું ના હોય. વળી બહારગામ જવું હોય તો પણ તેઓ આપણા પરિવારની સાથે જ સમાઈ જાય છે ને. કાકા અને કાકીને કોઈ સંતાન પણ નથી. એટલે કાર ભલે કાકાએ લીધી, એમની કાર મોટા ભાગે આપણે જ વાપરવાની છે ને.

> **સાચો પ્રેમ હોય ત્યાં કોઈ દિવસ બદલાની ભાવના હોય? જવાબ છે, ના જ હોય, જો કોઈ કિસ્સામાં બદલો લેવામાં આવી રહ્યો હોય તો એ સંબંધમાં જ પ્રેમ નહીં, પરંતુ માત્ર લેવડદેવડનો જ વ્યવહાર ગણાય**

એક નોકરીયાત દંપતી વચ્ચે લગ્નબાહ્ય સંબંધને લઈને ખટરાગ ચાલતો હતો. પતિ-પત્ની બેઉ કમાતા હતા. પતિ કરતા પત્નીની આવક પણ વધારે હતી. બેઉએ પ્રેમલગ્ન કર્યા હતાં. પતિને પોતાની સાથે નોકરી કરતી યુવતી સાથે સંબંધ બંધાયો હતો. જેને તેઓ પ્રેમનું નામ આપતા હતા. એ લગ્નબાહ્ય સંબંધ જો પ્રેમ હોય તો એ પતિએ કરેલા લગ્ન શું પ્રેમલગ્ન નહોતા?

પત્નીને થયું કે સમજાવટથી મામલો ઉકેલાય તો સારું. પતિને સમજાવવા માટે પત્નીએ પતિના મિત્રને વાત કરી. પતિના મિત્ર હોવાના નાતે મિત્રની આવનજાવન તો એ દંપતીના ઘરમાં હતી જ. પત્નીએ પોતાના પતિના મિત્ર સાથે વિગતવાર ચર્ચા કરી અને પતિને સમજાવીને પાછા ફરવા મદદ કરવા કહ્યું. આમ પત્ની અને પતિના મિત્ર વચ્ચે વાતોનો દોર, સંવાદ ઉપર સંવાદ ચાલતો રહ્યો.

એક તબક્કે પત્નીને વિચાર આવ્યો કે પતિને પણ સબક શીખવવો જ જોઈએ. પત્નીએ જ પતિના મિત્ર સાથે લગ્નબાહ્ય સંબંધ સ્થાપવા અને એવા સંબંધમાં આગળ વધવાની પહેલ કરી. પેલા મિત્રના મનમાં હજુ ખચકાટ હતો. પરંતુ પતિથી પરેશાન પત્નીએ કહ્યું કે - તમને તો મેં જાહેરમાં ધરમના ભાઈ જ ગણ્યા છે ને. સમાજની નજરમાં તો તમે મારા માટે ધરમના ભાઈ જ રહેવાના છો ને. પતિને લગ્નબાહ્ય સંબંધના માર્ગેથી પાછા લાવવા માટે પત્ની ખુદ લગ્નબાહ્ય સંબંધ બાંધી બેસે એ કોઈ ઉકેલ ખરો? ભાઈ અને બહેનના પવિત્ર સંબંધને લજાવતો એક નવો માર્ગ એટલે જાણે ધરમના ભાઈ અને ધરમની બહેન.

સંબંધોમાં પોલિટિક્સ અને સંબંધોમાં ચાલતી એકમેકને છેતરવાની હરિફાઈની વાત સમાજમાં ઝટ સામે આવતી નથી. પરંતુ જાહેર જીવનમાં રહેલા લોકોની નાની નાની વાત પણ જાહેર થઈ જાય અને ચર્ચાઈ જતી હોય છે. હૃતિક રોશને પોતાની પત્ની સુઝાનથી છુટાછેડા લેવા માટે ૬૦૦ કરોડ રૂપિયા ચુકવવાની વાત ભલે અજબ લાગે પણ આ જ તો સમાજની તાસીર છે. સુઝાને કબુલ્યું હતું કે હૃતિક રોશન દિવસોને મહિનાઓ સુધી શુટિંગ માટે ઘરની બહાર હોય ત્યારે મારો સમય પસાર નહોતો થતો. જો કે તેણે અભિનેતા અર્જુન રામપાલ સાથેના લગ્નબાહ્ય સંબંધનો સ્વીકાર કર્યો નહોતો.

પ્રેમમાં, સાચો પ્રેમ હોય ત્યાં કોઈ દિવસ બદલાની ભાવના હોય? જવાબ છે, ના જ હોય. જો કોઈ કિસ્સામાં બદલો લેવામાં આવી રહ્યો હોય તો એ સંબંધમાં પ્રેમ નહી, પરંતુ માત્ર લેવડદેવડનો જ વ્યવહાર ગણાય. હમણા અભિનેતા જેકી શ્રોફની પત્ની આયેશા શ્રોફનો કિસ્સો પણ બહાર આવ્યો છે. ફિલ્મકાર સાહિલ ખાન સાથેના તેના આઠ વર્ષ સુધી ચાલેલા લાંબા ગાળાના લગ્નબાહ્ય સંબંધો હવે ખુલ્લા પડી ગયા છે. આયશાએ સાહિલ ખાન સામે રૂપિયા આઠ કરોડના લેણાંની વસુલાત માટે છેતરપિંડી, માનહાનિ, બદનામી અને કથિત ધાકધમકી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સાહિલ ખાને ખુલ્લેઆમ કહ્યું છે કે વાસ્તવમાં આયેશા શ્રોફ ઘણા લાંબા સમયથી મારી સાથે ડેટિંગ કરી રહી હતી. તેના પતિ જેકી શ્રોફના અન્ય સ્ત્રીઓ સાથેના લફરાંથી આયેશા નાખુશ હતી અને મને કહેતી પણ હતી કે હું જેકી શ્રોફને બતાવી આપવા માગું છું કે તે જે કરી શકે છે, એવું હું પણ કરી જ શકું છું. વાસ્તવમાં આયેશાએ મને કોઈ આઠ કરોડ રૂપિયા આપ્યા નથી. પરંતુ તેણે મને ભેટ તરીકે એકથી વધુ લકઝરી કાર આપેલી છે. અમે દેશમાં અને વિદેશોમાં ઘણી વાર લાંબી રજાઓ એક સાથે ગાળેલી છે. અમે સહેલાઈથી સાથે સમય વીતાવી શકીએ એ માટે તેણે મુંબઈમાં જ એક એપાર્ટમેન્ટ પણ ભાડે લીધો હતો. આમ આયશાએ કરેલો ખર્ચ તે હવે પાછો માગી રહી છે, જે વસુલવા માટે કેસો કરી રહી છે.

સંબંધમાં કોઈ જાતના બદલા કે બદલાની ભાવનાને સ્થાન હોવું જોઈએ નહી. સંબંધમાં કોઈ પોલિટિક્સને સ્થાન હોઈ શકે નહી. માનવસંબંધોમાં છેતરામણી એવા તબક્કે થતી હોય છે કે જયારે એક વ્યક્તિએ બીજી વ્યક્તિ ઉપર સંબંધના ભરોસે, સંબંધના સહારે વિશ્વાસ મૂક્યો હોય છે. આમ વિશ્વાસના પાયા ઉપર રચાયેલી સંબંધની ઈમારત ત્યારે ભોંય ભેગી થઈ જાય છે, જયારે વિશ્વાસનો ઘાત થાય છે. જયારે તમારી નજીકની વ્યક્તિ જ તમારા વિશ્વાસનો લાભ લઈને પીઠ પાછળ ઘા કરે ત્યારે તમે કોઈ સમક્ષ ફરિયાદ કરી શકતા નથી. કારણ કે તમારા માટે ઘા નહી, સંબંધ મહત્વનો રહ્યો છે. વિશ્વાસઘાત કોઈ અજાણી વ્યક્તિ કરી શકે નહી, તમારી નિકટની અને નજીકની વ્યક્તિ તરફથી જ તમને કાંટાળા તાજની ભેટ મળતી હોય છે.